# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૧ • તા. ૧૪ ફેબ્રુઆરી થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




## લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH
DIAMONDS




RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# આપણી કૂપમંડૂક અવસ્થા

પ્રકૃતિનું સર્જન પ્રભુએ કર્યું છે. વિવિધ તરેહના જીવ જંતુઓ, પ્રાણી, પશુઓમાં જીવ રોપી નદી-પહાડો, વૃક્ષ-વનરાઈ જંગલોમાં છૂટા છોડી દીધા છે. તે સાથે કર્મનું બંધન જોડી દીધું છે. સારૂં કરો અને સારૂં પામો. આમાંથી માત્ર માનવજીવને બુધ્ધિને વિચાર શક્તિનું વરદાન આપ્યું છે. જેથી ડગલેને પગલે જાણી સમજીને પોતાના કર્મ બાંધી શકે.

પ્રભુએ આપણને મબલખ આપ્યું છે પણ એમાં પણ આપણને સંતોષ નથી. હજી ઓછું છે, અધરું છે, કંઈક ખૂટે છે ની તરસથી ફાંફાં મારીએ છીએ. કુદરતે જે સોહામણી સૃષ્ટિ આપી છે તે છોડીને કૃત્રિમ રીતે જીવીએ છીએ. પ્રકૃત્તિએ આપેલા સોહામણા સર્જનોને ઉપહાસ કરી તેનો દાટવાળીએ છીએ. પછીએ વન્ય સૃષ્ટિ હોય, સૂર્ય પ્રકાશ હોય, વાતાવરણની શુધ્ધતા હોય કે વરસાદનું પાણી હોય. આ દરેકને સાચવી એનું સંવર્ધન કર્યા વગર વેડફાટ કરીએ છીએ. એના માળખાનું, એના તત્વોનું સમૂળગું નાશ થાય એવા પ્રયત્નો કરીએ છીએ. દંભ, માન, અભિમાન સાથે પૂર્વગ્રહના કોચલામાં આપણે સૌ એકલાં જીવી રહ્યાં છીએ.

દરેકને પોતાનું અહંમ સંતોષવું છે. પોતાની જાતને બીજાથી અદકેરા માનીને દરેકને તુચ્છકારીએ છીએ. કોઈ આપણાથી આગળ નીકળી જાય એટલે ઈર્ષાથી બળી જઈએ છીએ. કોઈ આપણા વિચારને વાતને ગણકારે નહીં તો આપણે તેના વેરીની જેમ વર્તીએ છીએ. માન-સન્માન કે ગમતીલું પદ ન મળે તો આપણું મોઢું વંકાઈ જાય છે. હું કાંઈક છું તેવો ખ્યાલ જ ખરેખર દુ:ખનું કારણ છે. આપણને માન સન્માન મળે એ ખરેખર તો ધન, પદ અને સતા કે સંબંધને કારણે મળે છે પણ આપણે ફૂલીને મળતું સન્માન આપણું છે અને એ શાશ્વત રહેશે એવા ગુમાનમાં જીવીએ છીએ. માન, સન્માનના કારણો ન રહે ત્યારે જે સામેવાળાના મનમાં હોય એ હકીકતમાં આપણો એ કમાયેલો સંબંધ છે બાકી બધા દેખાડા, દંભ છે. મોટા ભાગના સંબંધો સ્વાર્થના હોય છે. સ્વાર્થ હોય ત્યારે દૂરના સગા પણ નજીક આવી ઈર્દ ગિર્દ ઘૂમતા રહે છે. જેવો સ્વાર્થ પૂરો થયો કે પડતીના દિવસો આવ્યા કે નજીક આવેલા દૂર ભાગવા દોટ મૂકે છે.

ઈશ્વરએ અકળ લીલા ભર્યા સંસાર વચ્ચે આપણને મૂક્યો છે. આપણે તો ઈશ્વરે રચેલી મહાવિશાળકાય સૃષ્ટિના અંશ માત્ર છીએ. તેને જાણવું સમજવું આપણા માટે અતિ મુશ્કેલ છે. અકળ ગૂઢ છે. આપણો અહં, અહંકાર સૃષ્ટિની સારી ને સાચી પરિસ્થિતિથી અજાણ રાખે છે અને અજ્ઞાનના ચકરાવામાં ચડાવી દે છે. મારા જેવું કોઈ નથી એવો ખ્યાલ આપણે સતત પોષતા રહીએ છીએ આ ઊંડા કૂવામાં વસતા દેડકા જેવી હાલત છે. જ્યારે કૂપમંડૂક પરિસ્થિતિમાંથી બહાર પડીએ છીએ ત્યારે જ સાચો ખ્યાલ આવે છે કે ધસમતા પાણીના પ્રવાહમાં આપણી હાલત તો તૃણના નાના તણખલા જેવી છે. જેનું કંઈ વજન નથી ને વજૂદ પણ નથી. જીવનનું સાચું અસ્તિવ પ્રેમ, મૈત્રી, સત્ય, સંપ, સંવાદિતતા, ભલમનસાઈ અને પરિશ્રમના મિશ્રણ જેવી છે. આ હકીકત જેટલી જલદી સમજાય એટલી સભાનતા આપણે રાખીએ.

– જય જ્ઞાતિમૈયા

# સ્ત્રીની શક્તિઓને ઓળખીએ

અગાઉનો સમય રૂઢિચુસ્ત જમાનાનો હતો. સ્ત્રીને માંડ વાંચવા લખવા જેટલું જ શિક્ષણ મળતું. પ્રાથમિક ધોરણ પાસ કરી લે ત્યાર બાદ માધ્યમિક શાળામાં દીકરીઓને ભણવા ન મોકલાતી. તો કોલેજ શિક્ષણ દૂરની વાત હતી. સમયનું પરિવર્તન થયું. સ્ત્રીને ઘૂંઘટ પ્રથામાંથી મુક્તિ મળી. સ્ત્રી શિક્ષણ કેળવણીનું પ્રમાણ વધ્યું. આજે શિક્ષિત દીકરીઓ સ્વતંત્રપણે ઘરને ચલાવે એટલી કાબેલ થઈ ગઈ છે. સ્ત્રીઓને પાંખો ફૂટી છે અને સ્વતંત્ર રીતે તેઓ દોડે છે ઊડે છે.

આપણા શાસ્ત્રોમાં શક્તિપીઠનું વિશેષ મહત્વ છે. સ્ત્રી શક્તિ એ જ શક્તિ પીઠ. આપણા કુળની રક્ષક દેવી જેને કુળ દીપક કહીએ છીએ. તેનામાં આસ્થા, શ્રધ્ધા ધરાવીએ છે અને તેમના ભરોસે આપણે રહીએ છીએ. મહિલાઓને પગની ધૂળ સમજતો પુરૂષ સ્ત્રીને તુચ્છ ગણે તેની અવહેલના કરે તો કદી સુખી થતો નથી. અગાઉના જમાના જેવી સંકુચિત વિચારધારા રાખવાની ધૃષ્ટતા રાખવી હવે પાલવે તેમ નથી. ખુશ અને સુખી રહેવું હોય તો પોતાની પત્નીને સમ દરજ્જાની ગણવી જોઈએ. તેના કાર્યની કદર કરવી જોઈએ. તેની ઉપર રહેલ કામના બોજની જવાબદારી થોડે ઘણો અંશે ખભે ઉપાડવી જોઈએ. સ્ત્રી ઘરે રહી ગૃહકાર્ય સંભાળે કે બહાર જઈ પોતાની કાર્ય જવાબદારીથી કમાણી કરી ઘર માટે આવક રળે. એ બંન્ને જવાબદારીઓ સરખે સરખી છે. કોઈ ઓછી કે વધુ નથી.

સ્ત્રીને લક્ષ્મીનો દરજ્જો અપાયો છે. નવોઢા તરીકે ગૃહપ્રવેશ કરતી વખતે તેના કુમકુમ પગલાં કરાય છે. કારણ કે તેના ભાગ્યના બળે પરિવારમાં સમૃધ્ધિ-રિધ્ધિ-સિધ્ધિનો વાસ રહેશે. એવી આની પાછળ માન્યતા છે. જીવનનો રથ બે પૈડે આગળ વધે છે. સ્ત્રી બે કુળને તારે છે. પિતાના ઘરે શિક્ષિત થયેલી દીકરી કુળવધૂ તરીકે સાસરિયાને સમૃધ્ધિ રળી આપે છે ને ઘર સંચાલનની જવાબદારી, માતા તરીકેની ફરજ અને પરિવારની સાચવણીની કઠિન જવાબદારી પણ ઉઠાવે છે. ત્યારે પતિએ પણ ઘરકામમાં તેનો હાથ સાથ આપવવો જોઈએ.

સ્ત્રી એક સાથે પ્રાચીન અને અર્વાચીન યુગની સાથે જીવે છે. તેને કુનેહપૂર્વક સંભાળે છે. ૮૫ વર્ષની સાસુને તો બીજી તરફ ૨૫ વર્ષની દીકરા વહુને તો નાનકડી પૌત્રીને એક સમયે ખુશખુશાલ રાખી જાણે છે. તલવારની ધાર પર ચાલવાનું આ કાર્ય સ્ત્રી જ સફળતાપૂર્વક કરી શકે છે. એને આ માટે કોઈ કંટાળો આવતો નથી કે નથી કરતી કોઈ ફરિયાદ. એ ખુશી ખુશી જીવે છે પોતાના પરિવાર માટે. તેનામાં સ્વભાવની લવચીકતા છે. સમય, સંજોગને સાચવી લેવાની તેનામાં કુશળતાનો ગુણ છે. તેનામાં સર્જનની શક્તિ છે ને નાના મોટાને સાચવવાની ખાસિયત પણ છે. તેનામાં જ્ઞાન, સંસ્કૃતિ અને સભ્યતાનો સરવાળો છે. સ્ત્રી એટલે એક હકારાત્મકનો પ્રકાશ કે જે પરિવારના સભ્યોના અંધકારને દૂર કરવા જેટલો સક્ષમ છે.

ઘડિયાળના કાંટે જીવતીને દોડતી ક્યારે એક્સ્પર્ટ કૂક, ફૂલ ટાઈમ હાઉસ વુમન, નર્સ, શિક્ષિકા, રીસેપ્શનિસ્ટ જેવી વિવિધ સફળ ભૂમિકા તે કુનેહપૂર્વક ભજવે છે અને સફળતાપૂર્વક પોતાની ફરજ બજાવે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)



## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો






કચ્છના અબડાસા પ્રાંતના લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો દ્વિ દિવસીય ધ્વજા મહોત્સવ શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટના ઉપક્રમે પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં મહાસુદ ૪ તા.૨૧ જાન્યુઆરી બુધવાર તથા વસંતપંચમી ગુરૂવાર તા.૨૨ જાન્યુઆરીના ભક્તિ ભાવપૂર્વક ઉજવાયો.

ધ્વજા મહોત્સવના પ્રથમ દિવસે સવારના શુભ મુર્હૂતમાં પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.નું હરખભેર સામૈયું કરવામાં આવ્યું. આ અવસરે લાલા ગામના મૈશેરી પરિવારના દીક્ષાર્થી વીરભાઈ, ખ્યાતિબેન તથા રાજેશભાઈના ભવ્ય વર્ષીદાન વરઘોડો તથા બેઠું વર્ષીદાન યોજાયું.

પૂ.મુનિરાજ મ.સા.ની હિત શિક્ષારૂપ વ્યાખ્યાન બાદ બપોરે ૧૨.૩૯ કલાકે ૧૯ અભિષેક પૂજનનો ધન્ય લાભ પધારેલા મહેમાનો તથા ગામવાસીઓએ લીધો. સાંજે ૬.૫૦ કલાકે શ્રી કુમારપાળ મહારાજાની આરતી અને સાંજે ૭.૩૦ કલાકે સંધ્યા ભક્તિ ભાવના યોજાઈ. મહોત્સવના દ્વિતીય દિવસે સવારે ૯ કલાકે સત્તરભેદી પૂજા અને ત્યારબાદ શુભ મુર્હૂતે ૧૧૯મો ધ્વજારોહણ વિધાનની વિધિ સંપન્ન થઈ.

સમગ્ર મહોત્સવના બે દિવસની સાધર્મિક ભક્તિનો લાભ દાતા પરિવાર **માતુશ્રી દયાબેન ભાનુચંદ ચત્રભોજ નાગડા (ગોરજી) ભાનુ માસ્ટર લાલા-જખૌ પરિવારે લીધો હસ્તે જગદીશભાઈ ભાનુચંદ નાગડા (ગોરજી), શ્રીમતી ચંદ્રિકાબેન અમૃતલાલ ભેદા (ગોરજી), શ્રીમતી સરલાબેન જયંતિલાલ દેઢિયા તથા શ્રીમતી ચેતનાબેન મહેન્દ્ર મોતા.**

મહોત્સવ અવસરે લાલા અને રાણપર ગામવાસીઓ, મુંબઈ તેમજ દેશ દેશાવર તથા ભારતભરમાંથી પધારેલ. મહેમાનો અને આસપાસ ગામોના પદાધિકારીઓનું શ્રી લાલા મહાજન દ્વારા ભાવપૂર્વક સન્માન કરવામાં આવ્યું.

મહોત્સવમાં અખિલ કચ્છ મુસ્લિમ સમાજના પ્રમુખ યુસુફભાઈ સંઘારે પણ ઉપસ્થિતિ આપી હતી. તેમનું પણ હાર્દિક સ્વાગત કરાયું હતું. લાલા ગામના સરપંચ શ્રીની પણ ઉપસ્થિતિ રહી હતી. તેમનું પણ ભાવપૂર્વક સ્વાગત સન્માન કરાયું. આમ સમરસતા ભાવનો સામાજિક એકતા અને સદ્‌ભાવનાનો સુંદર સંદેશ પ્રસરી રહ્યો હતો.

કોડાયના સંગીતકાર કિશોર સંઘારે અને સાથી કલાકારોના સથવારે ભક્તિ રસ છલકાવ્યો અને ધર્મભક્તિ આરાધના કરાવી હતી. સમગ્ર આયોજનનું સુવ્યવસ્થિત સંચાલન રાજેશ મોમાયાએ કર્યું હતું. સેલ્ફી પોઈન્ટનો આનંદ ગામવાસીઓએ ભરપૂર લીધો હતો. પ્રથમ દિવસે રાતે ભક્તિ સંગીત સાથે મટુકડી રાસ તથા ડાંડિયા રાસની રમઝટનો લ્હાવો સૌએ માણ્યો હતો. રાજેશ મોમાયા તથા શાંતિલાલભાઈ નાગિન નૃત્યની ભવ્ય પ્રસ્તુતિને સૌ ભરપૂર માણી હતી વખાણી હતી. ધ્વજા મહોત્સવમાં પધારેલા ૯૩ વર્ષના વડીલ માતાનું દીક્ષાર્થી બેને ભાવપૂર્વક સન્માન કર્યું હતું.

# લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો





ગુરુ પૂજન લાભાર્થી પરિવાર તથા ગામવાસીઓ





ચંદ્ર દર્શન તથા સૂર્ય દર્શન લાભ લીધેલ પરિવાર



૯૩ વર્ષના લાલાની ધ્વજામાં પધાર્યા અને
દીક્ષાર્થી બેને સન્માન કર્યું



મુમુક્ષ દ્વારા આપેલ વક્તવ્ય





પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધન મ.સાહેબજી નું સામૈયુ

# લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો





દાતા પરિવારનું બહુમાન





બારોટ સમાજની દીકરીઓ ને મ.સા જૈન ધર્મ જ્ઞાન પીરસાયુ





કુમારપાળ રાજાની આરતી





રાતે ભક્તિ તથા મટુકડી રાસ તથા ડાંડિયા રાસ

# લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો

















લાલા ગામના મૈશેરી પરિવારના દીક્ષાર્થી રાજેશભાઈ, ખ્યાતિબેન,વીરભાઈ

# લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો

















સત્તર ભેદી પૂજા તથા ધ્વજારોહણ

# લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો



















સત્તર ભેદી પૂજા તથા ધ્વજારોહણ

# લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયનો ૧૧૯મો ધ્વજા મહોત્સવ ભક્તિભાવ પૂર્વ ઉજવાયો









સેલ્ફી પોઈન્ટ મજા લેતા ગામ વાસી





રાજેશ મોમાયા તથા શાંતિલાલભાઈ  નાગિન નૃત્ય





કચ્છ મુસ્લિમ સમાજના પ્રમુખ શ્રી યુસુફભાઈ સંગાર સન્માન કરતા ગામવાસી

# ભાવાંજલિ



માતૃશ્રી મીઠીબાઈ ચત્રભોજ નરશી લોડાયા

સુથરી - માટુંગા ૦૫.૦૨.૨૬

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને
પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...

## માતુશ્રી વિજયાબેન વિરેન્દ્રભાઈ લોડાયા પરિવાર

બાંડીયા -અમદાવાદ


C. Narshi Roadlines
Fleet Owner & Transport Contractor

CNR Trans Service

# શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ સિટી સંચાલિત શ્રી શાંતિનાથ જિનેશ્વર ધામનો ૨૬મો ધ્વજારોહણ કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન થયો



હૈદ્રાબાદ સિટીના કાચીગુડા સ્ટેશન રોડ સ્થિત શ્રી અચલગચ્છ જૈન સંઘ સંચાલિત શ્રી શાંતિનાથ જિનેશ્વર ધામ મંદિરની રજત જયંતી વર્ષગાંઠ અંતર્ગત ૨૬મો ધ્વજારોહણ મહોત્સવ તા.૮ ફેબ્રુઆરી રવિવારના ભવ્યતાભેર સંપન્ન થયો. સંઘ ચેરમેન રમણિક નાગડા તથા મેનેજીંગ ટ્રસ્ટી પોપટલાલ છેડાની સંયુક્ત અખબારી યાદી મુજબ દક્ષિણ દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભ આશીર્વાદ અને શાંતમૂર્તિ પ.પૂ.સાધ્વી શ્રી ચારુદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યદર્શનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ની પાવન નિશ્રામાં જિનાલયના રજત વર્ષ પ્રસંગે ૨૬મો ધ્વજારોહણ મહોત્સવ ઉત્સાહ ઉલ્લાસ સાથે સવારે ૯ કલાકે શ્રી સતરભેદી પૂજન અને સવારે ૧૦.૧૫ કલાકે ધ્વજારોહણ વિધિનો પ્રારંભ થઈ.

ટ્રસ્ટી અનિશ છેડાએ વધુમાં જાણકારી આપી હતી કે શિખર પર ધ્વજારોહણ અંતર્ગત મુખ્ય ધ્વજા શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજાના લાભાર્થી શેઠ શ્રી મણિકાન્ત મેઘજી મોમાયા પરિવાર શ્રી શ્રેયાંસનાથ પ્રભુજીની ધ્વજાના લાભાર્થી શેઠશ્રી લીલાધર જીવરાજ નાગડા પરિવાર, જૂના મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ધ્વજાના લાભાર્થી શેઠશ્રી મણિકાન્ત મેઘજી મોમાયા પરિવાર દ્વારા ધ્વજારોહણ વિધિ કરાઈ.

બપોરે ૧૨.૧૫ કલાકે સ્વામિવાત્સલ્યનું આયોજન ધ્વજારોહણના કાયમી લાભાર્થી દ્વારા કરાયો હતો. આંગી મંડળના બહેનો દ્વારા પરમાત્માની ભવ્ય અને આકર્ષણ મનમોહક આંગી કરાઈ હતી.

ટ્રસ્ટી વિપુલ ગાલાએ વિશેષ માહિતી આપતા કહ્યું કે આ અવસરે પક્ષાલ પૂજા, કેસર પૂજા, પૂષ્પ પૂજા, અખંડ દીપક ઈત્યાદિના વાર્ષિક ચડાવા કરાયા હતા. વાસક્ષેપ પૂજા : માતુશ્રી કસ્તુરબેન મણિલાલ મારૂ હસ્તે આશાબેન ચંદ્રશેખર, પક્ષાલ પૂજા : માતુશ્રી મોંઘીબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર હસ્તે મનિષાબેન મોહનલાલ ગાલા નરેડી-કચ્છ, અંગલૂછણાનો ચડાવો : શ્રીમતી કોકિલાબેન જયેન્દ્રભાઈ શાહ પરિવાર, ચંદન પૂજા : શ્રીમતી વનિતાબેન ભરત જેઠાલાલ ગાલા, દેશલપર-કંઠી, પૂષ્પ પૂજા : કુમારી માયરા રચિત નાગડા હસ્તે હર્ષાબેન વિજય નાગડા પરિવાર વરંડી મોટી, ધૂપ પૂજા : ભીકમચંદ રાજેશ પુરવ પોકરણા પરિવાર, ધૃત (દીપક) પૂજા : શ્રીમતી હર્ષાબેન વિજય દામજી જીવરાજ ખીંયશી નાગડા પરિવાર, અષ્ટપ્રકારી સર્વ સામગ્રી : શ્રીમતી મિનાક્ષી મોનિક ધરમશી પરિવારને પ્રાપ્ત થયો હતો. વિધિવિધાન માટે મુંબઈથી વિધિકાર રાજાભાઈ નંદુ પોતાની સંગીત મંડળી-સાંજીદાઓ સાથે પધાર્યા હતા.

કાર્યક્રમમાં પોપટલાલ છેડા, શાંતિલાલ મામણિયા, હેમાંગ મોમાયા, અનિષ છેડા, વિપુલ ગાલા, પૂર્વનગરસેવક દિલ્હી રામબાબુ, બીજેપી નેતા દિનેશ ગોસર, રિધ્ધેશ જાગીરદાર, ભાવીન સોનાવાલા, યોગેશ ગોસર, ધવલ શાહ, રાજીવ

# શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ સિટી સંચાલિત શ્રી શાંતિનાથ જિનેશ્વર ધામનો ૨૬મો ધ્વજારોહણ કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન થયો



મામણિયા, જયેશ નાગડા, પ્રવીણ કારાણી, રતિલાલ છેડા, ગુલાબ મોતા, મોહન ગાલા, દેવચંદ ગાલા, લહેરચંદ લોડાયા, મોનિક ધરમશી, પ્રદીપ સંઘવી, શાંતિલાલ મારૂ, વિજય જાગીરદાર, ચંદ્રકાંત શાહ, સુભાષ ખંડોર, જસરાજ દેવડા ધોકા, ભવાનજીભાઈ પાસડ, નવીન મારૂ, પ્રદીપ નાગડા, પીયૂષ નાગડા, હરેશ સાવલા, વિપુલ ગાલા, ગૌરવ ગડા, મણિલાલ સાવલા, પ્રવીણ છેડા, જિતેન્દ્ર ગડા, સુરેશ ગાલા, હિતેન છેડા, મિહિર છેડા, જ્યારે મહિલા અગ્રણીઓમાં લતા મોમાયા, હર્ષાબેન નાગડા, ભાવના ગડા, જયા જાગીરદાર, ભાનુબેન ગાલા, કુસુમ ગોસર, દમયંતિ ગડા, જયશ્રી સંઘવી, જ્યોતિ મોતા, હેમા કારાણી, વૈશાલી શાહ, રશ્મિ લોડાયા, અવની છેડા, ખુશાલી નાગડા, જેની મોમાયા, હર્ષિતા સોનાવાલા, મનીષા ગાલા, વિમલાબેન ભેદા વિગેરે ઉપસસ્થિત રહ્યાં હતાં.

ફોટોલાઈન : પ.પૂ.સાધ્વી શ્રી કૈવલ્યદર્શનાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પજ્ઞશ્રીજી મ.સા. આદિ ઠાણાના સાંનિધ્યમાં શ્રી શાંતિનાથ મંદિરની ૨૫મી વર્ષગાંઠ પ્રસંગે ૨૬મો ધ્વજારોહણ મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત વિભિન્ન લાભાર્થીઓ સાથે સંઘના પોપટલાલ છેડા, શાંતિલાલ મામણિયા, હેમાંગ મોમાયા, અનિષ છેડા, દિલ્હી રામબાબુ, રિધ્ધિશ જાગીરદાર અને અન્ય.

---

# પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયકરાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યો




કચ્છ સુથરીના માવિત્ર માતુશ્રી કુંવરબાઈ વિશનજી મોતા ધર્મ, સંસ્કારી, ભક્તિ, આરાધનામાં લિપ્ત રહેતા સુપુત્રી આત્મકલ્યાણ શ્રેયાર્થે સંયમ જીવન સ્વીકારવાના દ્રઢ નિશ્ચય સાથે વિક્રમ સંવત ૨૦૬૪ની મહાવદ ૧૧ તિથિ દિને ગુણોદય ધામ સોનગઢ મધ્યે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસકરાશ્રીજી મ.સા. સાથે સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

જપ, તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાવદ ૧૧ તિથિ દિને સાહેબજી પોતાના સંયમ જીવનના ૧૮ વર્ષ પૂર્ણ કરી. અદ્ભૂત એવા ઓગણીસમા વર્ષમાં પુનિત પ્રવેશ કર્યો છે. આ ધન્ય અવસર પ્રસંગે ગુરૂભક્તોની શુભકામના-ભાવના છે કે પૂજ્ય સાહેબજી સંયમ જીવન પથ પર અવિરત આગળ વધતાં રહી રજત વર્ષ સુવર્ણ, હીરકને અમૃત વર્ષથી પણ આગળ વધી સર્વોચ્ચ સિધ્ધિ શિખર એવા શતક વર્ષના ટોચે બિરાજમાન થાય. શત શત શત વંદના સાહેબજીને.

## સમસ્ત મહાજન અને જ્ઞાતિના આદરણીય શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોના ની જીવન ગાથા જ્ઞાતિમૈયા માં

### આ વિશેષ જીવન ગાથા માટે

# શેઠ શ્રી ભરતભાઈ ભાણજી ખોના ને



## આપની શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, આદરાંજલિ, સ્મરણાંજલિ તથા આપની સાથેનું સંભારણનું

## ગુરૂવાર, તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી મોકલવા વિનંતી.

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

## ફુલ પેજ રૂા.૧૦૦૦/-

Kirti Dharmshi - 98440 04445

Sharad Momaya - 94481 16002 • Jayant Chheda - 93222 57731

Manisha Lalka - 98205 45734 • Varsha Lodaya - 98330 72879

Email : gyatimaiya2018@gmail.com

# શ્રી ક.દ.ઓ. મહાજન સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનમાં પૂ.ગુરૂદેવની પાવન પધરામણી થઈ










શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન અમદાવાદના પ્રાંગણમાં જ્ઞાતિ મહાજન સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનમાં પાંચ હજાર ઉપવાસ તપના તપ, પ્રભાવક, અજોડ શાસન પ્રભાવક, રજત વર્ષીતપ આરાધક સૂરિમંત્ર સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના પાવન પધરામણી થઈ. ગિરનારની ભાવયાત્રા સાથે પૂ.સાહેબજીએ ભવનનું નિર્માણ કાર્ય સત્વરે થાય એવા મંગલાશિષ પ્રદાન કર્યા.

સંઘની શ્રાવિકાઓ સાહેબજીના આગમને સામૈયુ કરવા શિરે શ્રીફળ સાથેના કળશ લઈ હરખ વધામણાં કર્યા હતા. મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ પૂજ્યશ્રીનું દર્શન વંદન અને માંગલિક વ્યાખ્યાનનો લાભ લઈ ધન્ય થયાં હતાં.

# શ્રી ક.દ.ઓ.સી.એ.એસોસિએશનની વાર્ષિક બેઠક અને મેળાવડાનું આયોજન થયું











ક.દ.ઓ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશને રવિવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મુંબઈના વિદ્યાવિહાર સ્થિત કે.જે. સોમૈયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે સફળતાપૂર્વક વાર્ષિક બેઠક અને મેળાવડાનું આયોજન કર્યું હતું.

ક.દ.ઓ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશનના અધ્યક્ષ શ્રી સી.એ. ગૌતમ વેલજી શાહે ઉપસ્થિત સૌનું સ્વાગત કરી બેઠકના ઉદ્દેશ્યો તથા સંસ્થાની ચાલી રહેલી પ્રવૃત્તિઓનું સંક્ષિપ્ત રૂપમાં અવલોકન રજૂ કર્યું હતું.

કેન્દ્રીય બજેટ ૨૦૨૬ પરના તકનીકી સત્રની અધ્યક્ષતા સીએ કમલેશ શિવજી વિક્રમશી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ કર્યું. શ્રી સી.એ. ધારિણી શાહે નાણાંકીય બિલ, ૨૦૨૬ હેઠળ આવકવેરા સંબંધિત પ્રસ્તાવો પર વિગતવાર ચર્ચા કરી, જ્યારે શ્રી સી.એ. રાજીવ જયચંદ લુથિયાએ જીએસટીના મહત્વના પ્રસ્તાવો તથા તાજેતરના સુધારાઓનું વિશ્લેષણ કરી તેના વ્યાવહારિક પ્રભાવ પર પ્રકાશ પાડયો હતો.

બીજા સત્રમાં લેડરઅપ વેલ્થ મેનેજમેન્ટના સહ-સ્થાપક તથા મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાઘવેન્દ્ર નાથ કેન્દ્રીય બજેટનો મૂડી બજારો, રોકાણની રણનીતિઓ તથા બદલાતી આર્થિક પરિસ્થિતિમાં સંપત્તિ વ્યવસ્થાપન પર થતો પ્રભાવ વિષે મહત્વપૂર્ણ વિચારવિમર્શ રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી પદમશી લાધુભાઈ સોનીને અતિથિ વિશેષ તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમણે પ્રેરણાદાયક સંબોધન આપ્યું.

પોતાની પરંપરા અનુસાર, સંસ્થાએ વર્ષ ૨૦૨૫ દરમ્યાન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, કંપની સેક્રેટરી, કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ની સંસ્થા દ્વારા લેવાયેલી પરીક્ષાઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરનાર ક.દ.ઓ. જ્ઞાતિના વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજ્યો હતો. આ ઉપરાંત, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, કંપની સેક્રેટરી, કોસ્ટ એકાઉન્ટન્ટ્સ વ્યવસાય માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર વરિષ્ઠ સભ્યોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. પૂર્વ અધ્યક્ષ સીએ ઘનશ્યામ લાલકાએ નિપુણતાથી સન્માન સમારંભનું સંચાલન કર્યું હતું.

# શ્રી ક.દ.ઓ.સી.એ.એસોસિએશનની વાર્ષિક બેઠક અને મેળાવડાનું આયોજન થયું











આ અવસરે શ્રી સી.એ. ગૌતમ વેલજી શાહે અધ્યક્ષ તરીકેના પોતાના ત્રણ વર્ષના કાર્યકાળની સફળ પૂર્ણતા પછી નેતૃત્વની જવાબદારી ઔપચારિક રીતે શ્રી સી.એ. હિતેશ મણિકાંત ધરમશીને સોંપી હતી.

કાર્યક્રમનું સંચાલન શ્રી સી.એ. રાજ મુકેશ ખોના, શ્રી સી.એ. દેવાંગ કુમાર દાંડ તથા શ્રી સી.એ. પૌલોમી યોગેશ ધરમશીએ કુશળતાપૂર્વક કર્યું હતું, જ્યારે સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થાઓ શ્રી સી.એ. હિતેશ ધરમશીએ સચોટ રીતે સંભાળી હતી. બેઠકનું સમાપન નેટવર્કિંગ તથા ભોજન સાથે થયો, જેમાં સભ્યોને પરસ્પર સંવાદ, વિચારોના આદાન-પ્રદાન અને સમુદાયિક સંબંધોને વધુ મજબૂત કરવાની તક મળી.




સમગ્ર રીતે, આ વાર્ષિક મેળાવડાને ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો અને તે ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે માહિતીપ્રદ, રસપ્રદ તથા મૂલ્યવાન સાબિત થઈ હતી.

**કેડીઓ સીએ એસોસિએશનના વર્તમાન પદાધિકારીઓ તથા કમિટી મેમ્બર**

ગૌતમ વેલજી શાહ ડાઘા (વરાડીયા-મુલુંડ)-પ્રમુખ, હિતેશ મણીકાંત ધરમશી (કોઠારા-ઘાટકોપર)-ઉપપ્રમુખ, દેવાંગ કુમાર દંડ (તેરા-ભાંડુપ)-સેક્રેટરી, રાજ મુકેશ ખોના (ગોરખડી-ઘાટકોપર)-ટ્રેઝરર.

**કમિટી મેમ્બર :** ચાર્વિક નિતીન મોમાયા (વરાડીયા-ભાંડુપ), સૌ. દિવ્યા સમીર મોમાયા (વરાડીયા-થાણે), કુ. નીતા પદમશી ધરમશી (સુથરી-મુલુંડ), સૌ. પાયલ મેહુલ મૈશેરી (નલિયા- ઘાટકોપર), સૌ. પૌલોમી યોગેશ ધરમશી (લાલા-મુલુંડ)

**પ્રોગ્રામ સમાપન વખતે નિમાયેલા નવા પદાધિકારીઓ :** પ્રમુખ : હિતેશ ધરમશી, ઉપપ્રમુખ : દેવાંગ દંડ, સેક્રેટરી : રાજ ખોના, ટ્રેઝરર : પૌલોમી ધરમશી

# શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર મુંબઈ અને રોટરી ક્લબ ઓફ ચાલીસગામના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક પ્લાસ્ટિક, કોસ્મેટિક એન્ડ હાથ સર્જરીની શિબિરનું આયોજન

તા.૨૮ ફેબ્રુઆરી શનિવાર અને તા.૧ માર્ચ રવિવાર સવારના ૯ કલાકથી શ્રી બાલાજી હોસ્પિટલ ડૉ.શૈલેન્દ્ર મહાલે, દૂધ સાગર માર્ગ, હિરાપૂર રોડ, ચાલીસગામ મધે શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર મુંબઈ અને રોટરી ક્લબ ઓફ ચાલીસગામના ઉપક્રમે નિ-શુલ્ક પ્લાસ્ટિક, કોસ્મેટિક અને હાથ સર્જરીની બે દિવસીય શિબિરનું આયોજન કરાયું છે.

શસ્ત્રક્રિયા માટે નિષ્ણાંત ડૉ. શંકર સુબ્રમણ્યમ-મુંબઈ, ડૉ. પંકજ જિંદલ પુણે, ડૉ. સ્વપ્ના આઠવલે પુણે, ડૉ. નોએલ બ્રિટો ગોવા ઉપલબ્ધ રહી સેવા સમર્પણ આપશે. શિબિરનો લાભ લેવા ઈચ્છુક નામ નોંધણી ફી માત્ર રૂ.૫૦. નાના બાળકોના ઓપરેશન શરૂઆતે કરાશે.

બાળકીઓ તથા સ્ત્રી દર્દીઓને પ્રાધાન્ય અપાશે. શસ્ત્રક્રિયાનો અંતિમ નિર્ણય શસ્ત્રક્રિયા કરનાર ડૉક્ટર સર્જનનો રહેશે. શિબિરમાં વિવિધ ૧૫ ડૉક્ટર્સ અને ૨૫ જેટલા આસિસ્ટન્ટ શસ્ત્રક્રિયા તથા સારવાર માટે તત્પર રહેશે.

પ્લાસ્ટિક કોસ્મેટિક અને હાથ તથા આંગળીઓની નીચે દર્શાવેલ અવસ્થામાં કરાશે. ● આગથી દાઝી ગયેલા અંગ, બળી ગયેલ અંગ ● જન્મજાત હાથ પગ તથા શરીરના ઈતર વળેલા અવયવ વળી ગયેલ આંગળીઓ, જોડાયેલી આંગળીઓ ઓપરેશનથી સીધી કરી અપાશે. ● ચહેરાનું વક્રપણું ખીલને કારણે પડેલા નિશાન-ખાડા, ફેલાતો જતો કોઢ ● વક્ર થયેલ નાક, કાન, મોંઢા-દાઢી ઉપર અનિચ્છનીય માંસીલા આકાર કે વિચિત્ર અવયવનું હોવું ● અકસ્માતને કારણે થયેલ અંગ વિકૃતિ.

આ શિબિરનો અવશ્ય ઈચ્છુકોએ લેવો એવો આગ્રહ રોટરી ક્લબ અધ્યક્ષ ચંદ્રેશ લોડાયા, સચિવ ડૉ.શ્રીકાંત મોરકર, મેડિકલ ડાયરેક્ટર ડૉ. સુનિલ રાજપૂત અને મેડિકલ કો.ડાયરેક્ટર સત્યજીત પૂર્ણપાત્રે દ્વારા કરાયો છે.

વધુ માહિતી માટે ૯૮૨૨૦૫૩૯૩૯, ૯૬૨૩૯૩૧૫૫૭ રોટરી ક્લબ ઓફ ચાલીસગામનો સંપર્ક કરો.




શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ

KDO SANJIVANI

કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

મનીષા શાહ 98695 76527

ડો. ધારિણી નાગડા 98197 22300

ભરત મૈશેરી 98200 58048

રમેશ મોતા 98196 55259

# પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૩૯મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૪૪ મહાવદ ૧૨ તિથિ દિને સુથરી ગામના માવિત્ર રાજબાઈ નરશી જેઠાલાલ છેડાના ગુણીયલ પુત્રી સંયમ જીવન જ આત્મ મોક્ષ કલ્યાણનો માર્ગ છે એ દ્રઢ ભાવના સાથે દંતાણી તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી. ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન પથના પ્રવાસી બન્યા.

તપ-જપ, આરાધના, ભક્તિ, આરાધના-વ્યાખ્યાન કરતાં કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાવદ ૧૨ તિથિ દિને સાહેબજી સંયમ જીવનના ૩૮ વર્ષ ઓળંગી ૩૯મા વર્ષમાં પુનિત પ્રવેશ કર્યા છે. આ સપરમા દિને ગુરૂભક્તોની ચાહના, શુભ ભાવના છે કે પૂજ્ય સાહેબજી આજ પ્રકારે અવિરત આગળ વધતાં સુવર્ણ, હીરક, અમૃતવર્ષથી પણ આગળ શતક વર્ષના સર્વોદય શિખરે બિરાજમાન થાય. આજના મંગળ દિને સાહેબજીને શુભકામના સહ શત શત વંદના.

# શ્રી વડોદરા સંઘના ક.દ.ઓ.ભવનમાં પ.પૂ.આ.ભ.શ્રી મહારાજસાહેબની પાવન પધરામણી થઈ







વડોદરા નગરીની ધરા પર શ્રી વિમલનાથ પ્રભુના પાવન સાંનિધ્યમાં શ્રી ક.દ.ઓ.ભવનમાં પાચ હજાર ઉપવાસી તપના તપ પ્રભાવક, અજોડ શાસન પ્રભાવક, રજત વર્ષી તપારાધક, સૂરિમંત્ર સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની મંગલમય પાવન પધરામણી થઈ.

સંઘની શ્રાવિકાઓ શિરે કળાત્મક કળશ અને શ્રીફળ ધારણ કરીને અને શ્રાવકો બહોળી સંખ્યામાં હર્ષભેર સાહેબજીનું સામૈયું કરી હરખ વધામણાં કર્યા હતા. પધારેલ સૌ સાહેબજીના દર્શન વંદન કરી વ્યાખ્યાન વાણીનો ધન્ય લાભ લીધો હતો.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૨૧ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા માનસ મંદિર, શાહપુર સવારના ૬.૦૩ કલાકે થી. |
| તા. ૦૮ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫.૦૩ કલાકે થી. |
| તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિ:શુલ્ક પાવાગઢ -પાલીતાણા- ગિરનાર યાત્રા પ્રવાસ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કાંતિભાઈ મોમાયા**
તા.૮ ફેબ્રુઆરી (ઉ.૭૪)
વારાપધર-ડોંબિવલી



**પુષ્પાબેન ખોના**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૭૬)
મોટીખાવડી-મુંબઈ



**વિજયાબેન ગોસર**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૭૫)
બાયઠ



**કલ્પનાબેન લોડાયા**
તા.૧૦ ફેબ્રુઆરી (ઉ.૭૧)
સાંધવ-મુલુંડ



**દિનેશભાઈ લોડાયા**
તા.૧૦ ફેબ્રુઆરી (ઉ.૭૫)
વારાપધર-ભુજોડી



**પંકજભાઈ મોમાયા**
તા.૧૧ ફેબ્રુઆરી (ઉ.૫૭)
વરાડિયા-ડોંબિવલી



**હિરેનભાઈ વિક્રમશી**
તા.૧૧ ફેબ્રુઆરી (ઉ.૬૭)
સુથરી-સાંગલી



**તારાબેન નાગડા**
તા.૧૩ ફેબ્રુઆરી (ઉ.૮૨)
નલિયા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## Anumodana

**Sanjivani Case - 219**

**Name:Mr. Gautam Dakesh Dharamshi** | **Age : 22 Yrs.** | **Village: Suthari - Bhatapara (C.G)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 65,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 2,000.00 |
| **Emerald Patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 2,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 50,000.00 |
| Shree KDO Jain Sangh Pune (H: Committee Members) | 8,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,500.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,70,000.00 |
| Shri Rupesh Motichand Lalji Khona, Naliya - Mulund | 30,000.00 |
| Matushri Vijayaben Versey Motta (H: Sneh A. Motta , Suthari - Andheri | 25,000.00 |
| Well Wisher ... Silent Donor | 25,000.00 |
| Well Wisher ... Silent Donor | 20,000.00 |
| Shri Shantilal Khimji Nagda(H: Smt. Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| Shri Upen Damji Soni, Vanku - Mulund | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Mahila Manch, Bangalore | 10,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 5,000.00 |
| Shri Manish Momaya, Coimbatore | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Kumari Hiral Pradip Lodaya, Sayera - Coimbatore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 4,000.00 |
| Shrimati Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Hitesh Laxmichand Soni, Bhandup | 2,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shri Deepak Lodaya | 1,000.00 |
| Shri Surendra Laxmichand Lodaya, Varapadhar - Chalisgaon | 999.00 |
| Shri Dilip Manilal Khona | 500.00 |
| Shrimati Beena Keshav | 500.00 |
| Shrimati Jagruti Patel | 500.00 |
| Shrimati Deepali Dand | 251.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે આપણને એવા શિક્ષણની જરૂરિયાત છે કે, પોતાના પગ પર ઊભા રહી શકે અને આર્થિક રીતે સ્વ વિકાસ કરી શકે અને દેશ માટે સેવા કરી શકે. તેના અન્વયે આદિપુરમાં બેલુર મઠ સંચાલિત રામકૃષ્ણ મઠ દ્વારા વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરનું ખાત મુર્હૂત કરાયું. આજે બેરોજગારીની સમસ્યા વધી રહી છે. સ્નાતક અને અનુસ્તાનક વિદ્યાર્થીઓ બેરોજગાર છે ત્યારે મોબાઈલ રીપેરીંગ સહિત ટૂંકા ગાળાના અભ્યાસક્રમો થકી રોજગારી મેળવે તેવા વિષયોની અત્રે તાલીમ અપાશે. યુવા ભાઈ બહેનો માટે સ્વરોજગારી માટેના કુકિંગ કોર્સ ચાલશે.

● સતત ૧૬ વર્ષ સુધી દેશના મહાબંદરોમાં પ્રથમ ક્રમાંક જાળવી એક વર્ષના અંતરાલ બાદ ગુમાવેલું નંબર વનનું સ્થાન ગત નાણાંકીય વર્ષમાં પુનઃ હાંસલ કરનારા દીનદયાળ પોર્ટ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં સમય પૂર્વે જ ૧૦૦ મિલિયન મેટ્રિકટન કાર્ગો હેન્ડલ કરીને દેશના તમામ મહાબંદરોમાં મહત્વની સફળતા પુનઃ પ્રાપ્ત કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૦૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલિંગ સુધી પહોંચનારા સૌથી ઝડપી ભારતીય મહાબંદર બનીને એક સીમા ચિન્હરૂપ સિધ્ધિ મેળવી છે.

● વિભક્ત કુટુંબનો સમય છે ત્યારે સાસુ વહુ સાથે રહેતા હોય તો એ દ્રષ્ટાંત રૂપ કહેવાય. અંધેરી કચ્છી વિશા ઓશવાળ સમાજની મહિલા પાંખે ૨૦ વર્ષ કે થી વધુ વર્ષ સમયથી સાથે રહેતી સાસુ વહુના ૬૦ જોડીનું સન્માન મોમેન્ટો અને દુપટ્ટો આપીને કરાયું. આ સાથે સાસુ વહુ તેમજ સમાજના ભાઈ બહેનો રમી શકે એવી મ્યુઝિકલ હાઉઝી રમાડવામાં આવી હતી.

● ખ્યાતનામ લેખિકા, રાજ્યસભા સાસંદ, આઈટી કંપની ઈન્ફોસિસના ફાઉન્ડર ઉદ્યોગપતિ એન.આર.નારાયણ મૂર્તિના પત્ની અને બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન રીશી સુનકના સાસુ શ્રીમતી સુધામૂર્તિ મુંદરા સ્થિત પબ્લિક સ્કૂલ તેમજ અદાણી ગ્રુપના બે મેગા પ્રોજેક્ટ વિશ્વના સૌથી મોટા ખાનગી બંદર મુંદરા અદાણી પોર્ટસ એન્ડ એસઈઝેડ અને વિશ્વના સૌથી વિશાળ રિન્યુએબલ એનર્જી પાર્ક ખાવડાની મુલાકાત લીધી. ભારતના સૌથી મોટા વાણિજિયક બંદર અને વૈશ્વિક સ્તરે ટોચના ૧૦ બંદરમાં સ્થાન ધરાવતાં મુંદરા પોર્ટની અદ્યતન સિસ્ટમ જોઈને સુધામૂર્તિ અભિભૂત થયાં હતાં. અદાણી પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન કરતાં શિક્ષણ ફક્ત પરીક્ષામાં ગુણાંક માટે જ નહીં પરંતુ જ્ઞાન વર્ધન અને કુશળતા પ્રાપ્ત કરવા માટે ગ્રહણ કરવા શીખ આપી હતી. આધુનિક સમયમાં ટીનએજર્સ સ્માર્ટફોનનો ઉપયોગ મર્યાદિત કરી સર્જનાત્મક વિચારો પોષવા શ્રેષ્ઠ પુસ્તકોનું વાંચન કરવા પ્રાથમિકતા આપવાની શીખ આપી હતી.

● અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ મુંદરા પોર્ટ એ લિડિંગ કન્ટેનર પોર્ટસ રિપોર્ટમાં વિશ્વ સ્તરે ૨૦મું સ્થાન કેળવી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ભારતના આંતરરાષ્ટ્રીય વેપારમાં મુંદરા પોર્ટ હવે મુખ્ય પોર્ટ તરીકે વૈશ્વિક મંચ પર મેરીટાઈમ પાવર હાઉસ તરીકે સ્થાપિત થઈ ગયું છે. આ વૈશ્વિક માન્યતા એપીએસઈઝેડ મુંદરા પોર્ટની ટેકનોલોજી, ટકાઉપણું અને ગ્રાહકોને પ્રાથમિકતા આપવાના અભિગમને ઉજાગર કરે છે. ભારતના મુખ્ય ખાનગી ક્ષેત્રના બંદરોમાં મુંદરા પ્રથમ ક્રમાંકે છે. જે તેની શ્રેષ્ઠતમ કામગીરીનું ઉદાહરણ છે. અગાઉ પોર્ટસ, શિપિંગ અને જળ માર્ગ મંત્રાલય દ્વારા આયોજીત ઈન્ડિયા મેરીટાઈમ વીકમાં પોર્ટ ઓફ ધ યરનો એવોર્ડ એનાયત કરાયો હતો. બંદરની જેટીના ઉપયોગમાં પણ દુનિયામાં ચોથા ક્રમાંકે છે. જ્યારે વૃદ્ધિ દરની દ્રષ્ટિએ વૈશ્વિક સ્તરે નવમું સ્થાન અપાયું છે.

● મૂળ મુંદ્રા તાલુકાના કુંદરોડીના સંગીતકાર પદમશ્રી આણંદજીભાઈ તેમના પત્ની શાંતાબેન, સંગીતક્ષેત્રમાં જ કાર્યરત પુત્ર દીપકભાઈએ લાલ રાંભિયા સાથે અજરખપુર સ્થિત લિવિંગ એન લર્નિંગ સેન્ટરની મુલાકાત લીધી. મ્યુઝિયમના સ્વપ્ન દ્રષ્ટા ચંદાબેન શ્રોફના પુત્રી અને એલએલડીસીના નિયામક અમી શ્રોફ, સીઈઓ રાજીવ ભટ્ટ તથા વિવિધ વિભાગના વડા તરવરિયા યુવા-યુવતીઓએ એમને આવકારી મ્યુઝિયમની રૂપરેખા દર્શાવી હતી. પદમશ્રી આણંદજીભાઈએ એમને મળેલી અમૂલ્ય ટ્રોફીઓ, પારિતોષિકો હાર્મોનિયમ વગેરે એલેલડીસીને આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

STAMP FRANKING
Now Available

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
GOLD LOAN
SOLAR LOAN
TRADE LOAN
LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)
*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank


KDO